પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૧૧૦, કુલ પાના:૪, તારીખ: ૩૧-૧૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 110 PRICE :-RS. 1.50 DATE : 31-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### યુપી ચુંટણી માટે ચુંટણી પંચે રાજકીય પક્ષો સાથે બેઠક યોજી

## તમામ રાજકીય પક્ષોએ નિર્ધારિત સમયે ચૂંટણી કરાવવા પર ભાર મૂક્યો : મુખ્ય ચુંટણી કમિશ્નર

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે થનારી વિધાનસભા ચૂંટણી અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ આજે લખનૌમાં યુપીના વિવિધ રાજકીય પક્ષો સાથે બેઠક યોજી અને તેમના સૂચનો લીધા. આ દરમિયાન તમામ રાજકીય પક્ષોએ નિર્ધારિત સમયે ચૂંટણી કરાવવા પર ભાર મૂક્યો. આ સાથે જ ચૂંટણી પંચે યુપીના તમામ ડીએમ અને એસપી સાથે પણ વાતચીત કરી. પંચે આવકવેરા વિભાગ, જીએસટી, ઈડી અને બેંકો સાથે પણ વાત કરી.

રાજકીય પક્ષો સાથે બેઠક બાદ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ લખનૌમાં પ્રેસ કોન્ફરન્સ કરી જેમાં જણાવ્યું કે અમે રાજકીય પક્ષો સાથે બેઠક કરી. આ બેઠક દરમિયાન ટીએમસી, બીએસપી, કોંગ્રેસ, ભાજપ, સમાજવાદી પાર્ટી અને આરએલડીએ ચૂંટણી પંચ સાથે મુલાકાત કરી. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાનો કાર્યકાળ ૧૪મી મે ૨૦૨૨ ના રોજ ખતમ થઈ રહ્યો છે અને કુલ ૪૦૩



બેઠકો માટે ચૂંટણી થવાની છે. ભારત ચૂંટણી પંચ નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે યુપી ચૂંટણી પ્રલોભન મુક્ત થાય એ અમારી કોશિશ છે. બેઠક દરમિયાન કેટલાક રાજકીય પક્ષોએ પ્રશાસનના પક્ષપાતપૂર્ણ વ્યવહારની ફરિયાદ કરી, હેટ સ્પીચ અને પેઈડ ન્યૂઝ પર ચિંતા વ્યક્ત કરી. અમારો પ્રયત્ન સ્વતંત્ર, નિષ્પક્ષ અને કોવિડ સેફ ચૂંટણી કરાવવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્યમાં લગભગ ૧૫ કરોડથી વધુ મતદારો છે અને કુલ મતદારોની સંખ્યા વધી પણ શકે છે. અત્યાર સુધીમાં ૫૨.૮ લાખ નવા મતદારોને સામેલ કરાયા છે. જેમાંથી ૧૯.૮૯ લાખ મતદારો ૧૮-૧૯ વર્ષની આયુના છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ તરફથી ૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મતદાર સૂચિની છેલ્લી યાદી બહાર પડશે. મતદાર સૂચિ બહાર પડ્યા બાદ પણ કોઈનું નામ છૂટી ગયું હોય તો તેઓ પોતાનો ક્લેમ ફાઈલ કરીને પોતાનું નામ જોડાવી શકે છે.

સુશીલ ચંદ્રાએ કહ્યું કે પહેલા ૧૫૦૦ લોકો પર એક બૂથ રહેતું હતું. હવે એક બૂથ પર ૧૨૫૦ વોટર કરવામાં આવ્યા છે અને પોલિંગ બૂથની સંખ્યા વધારીને ૧૧ હજાર કરાઈ છે. આ વખતે યુપીમાં એક લાખ ૭૪ હજાર ૩૫૨ મતદાન સ્થળ છે. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીને નિર્દેશ અપાયા છે કે પોલિંગ બૂથ પર પોતે જાય અને વ્યવસ્થા જુએ. યુપીમાં ૮૦૦ પોલિંગ બૂથ એવા હશે, જેમાં તમામ કર્મચારીઓ અને સુરક્ષા અધિકારીઓ મહિલાઓ હશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે જો કોઈ મતદાર પાસે ઓળખ પત્ર નહીં હોય તો ૧૧ અન્ય ઓળખ પત્ર દ્વારા પણ મત આપી શકો છો. મતદાન માટે આધાર કાર્ડ, મનરેગા કાર્ડ અને પાન કાર્ડ જેવા ડોક્યુમેન્ટનો ઉપયોગ થઈ શકે છે. કોવિડ પ્રોટોકોલ વિશે મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ કહ્યું કે અમે હેલ્થ સેક્રેટરી અને મુખ્ય સચિવ સાથે વાત કરી. અમને જે જણાવવામાં આવ્યું છે કે ૪૯ ટકા લોકોને રસીનો બીજો ડોઝ મળી ચૂકયો છ. અમે નિર્દેશ આપ્યા છે કે રસીકરણને વધારવામાં આવે જેથી કરીને જેમ બને તેમ જલદી પહેલો ડોઝ ૧૦૦ ટકા થઈ જાય. સમગ્ર યુપીમાં ઓમિક્રોનના ફક્ત ૪ કેસ આવ્યા છે. જેમાંથી ૩ સાજા થઈ ચૂક્યા છે. કોવિડને જોતા યુપી આવતા પહેલા મે કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ સાથે ચર્ચા કરી હતી. મે કહ્યું હતું કે રસીકરણ વધારવું પડશે. ચૂંટણી ડ્યૂટીમાં એ જ લોકોને લગાવવામાં આવશે, જેમને રસીના બંને ડોઝ મળ્યા હશે. ચૂંટણી ડ્યૂટીમાં લાગનારા કર્મચારીઓ ફ્રન્ટલાઈન વર્કર હશે.

## GST દર વધારા મુદ્દે કાપડના વેપારીઓ પ્રદર્શન કરી વિરોધ નોંધાવ્યો

અમદાવાદ,

રાજ્યભરમાં આજે કાપડના વેપારીઓ બંધ પાળ્યો હતો.જીએસટી દરમાં વધારો કરવાના નિર્ણય મુદ્દે રાજ્યભરના કાપડના વેપારીઓ સંપૂર્ણ બંધ રાખી વિરોધ પ્રદર્શીત કર્યા હતાં.સુરતની સૌથી મોટે ટેક્સટાઈલ માર્કેટના તમામ વેપારીઓ બંધમાં જોડાયા હતાં આ તરફ અમદાવાદમાં પણ કાપડ બજાર બંધ રહ્યાં હતાં વિવિધ વેપારી એસોસિએશને પણ બંધનું એલાન આપ્યું હતું અને પોતાની દુકાનો અને ધંધા બંધ રાખ્યા હતાં.રાજ્યના અન્ય જિલ્લાના કાપડના વેપારીઓએ પણ બંધને સમર્થન આપ્યું હતું અને દુકાનો બંધ કરી ધરણા સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યકત કર્યો હતો



એ યાદ રહે કે હવે કાપડ પર જીએસટી પાંચ ટકાથી વધારી ૧૨ ટકા કરવા સામે વેપારીઓએ એકજુથ થઈને વિરોધ કરવા રણનીતિ બનાવી આજે વેપારીઓ સજ્જડ બંધ રાખીને વિરોધ પણ વ્યક્ત કર્યો હતો. આ પહેલા સુરતમાં વેપારીઓ કાળી પટ્ટી બાંધીને થાળીઓ વગાડીને વિરોધ દર્શાવવાના હતા. જોકે, એક દિવસ કાપડ બજાર બંધ રહેતા કરોડો રૂપિયાનું નુકસાન થયું છે છતા એક દિવસની આવક જતી કરીને અને નુકસાની વહોરીને પણ સુરતના વેપારીઓ રોડ પર ઉતર્યા હતાં આગામી દિવસમાં આંદોલન વધુ ઉગ્ર બની શકે છે તેવી શંકા સેવાય રહી છે સુરતમાં જીએસટીના વિરોધમાં વેપારીઓ રસ્તા પર ઉતર્યા છે. વિવિધ કાપડ માર્કેટની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતાં સહારા દરવાજા ખાતે વિરોધ પ્રદર્શન કરાયુ હતું. વેપારીઓએ કાળા વાવટા બતાવી વિરોધ દર્શાવ્યો હતો. ગારમેન્ટમાં જીએસટીના વધારાની જાહેરાત થતા જ સુરતના વેપારીઓ ચિંતામાં મૂકાયા છે. તેમને ધંધામા મોટું નુકસાન જાય તેની ભીતિ સેવાઈ રહી છે. આવામાં જીએસટીના જાહેરાતથી જ વેપારીઓ તેનો વિરોધ કરી રહ્યાં છે. ગઈકાલે ઈઈદ્ધ માર્કેટમાં હવન કરવામાં આવ્યો હતો. વેપારીઓએ કહ્યું કે, સરકારને સદબુદ્ધિ આવે તે માટે હવન કરાયો હતો.

## સરકાર માટે અર્થતંત્ર અને ફુગાવાનું નિયંત્રણ હોવું ખુબ જ જરૂરી : RBI

નવીદિલ્હી,

હાલ કોરોના અને ફુગાવો તે અર્થતંત્ર ના બન્ને પાટા હોય તે રીતે જોવા મળી રહ્યું છે ત્યારે સરકાર માટે એ ખૂબ મહત્વનું છે કે અર્થતંત્ર રૂપ ગાડી પાટા ઉપરથી ઉતરી ન જાય. આ તકે આરબીઆઈના ગવર્નર એ આશંકા વ્યક્ત કરી છે કે હાલ જે રીતે કોરોના વકરી રહ્યો છે તેનાથી ભારતની આર્થિક સ્થિતિ માં ઘણો બદલાવ આવશે.



સરકાર માટે સૌથી મહત્વપૂર્ણ એ છે કે ફુગાવા અને કોરોના ને બંનેને નિયંત્રણમાં રાખવું પડે. એ વાત સ્પષ્ટ છે કે જો દેશમાં કોરોના વખતે તો તેની સીધી અસર દેશના અર્થતંત્ર ઉપર પડશે તો સામે જો આવવાનું પ્રમાણ પણ વધશે તો તે પણ દેશની અર્થતંત્રને ઘણું નુકસાન પહોંચાડશે ત્યારે સરકાર માટે આ બંને વચ્ચે નિયંત્રણ રાખવું ખૂબ જ જરૂરી અને અનિવાર્ય બની ગયું છે.

સરકાર કોરોના માંથી જે રિકવરી થાય છે તેને જોરે આગળ વધી રહ્યું છે પરંતુ સામે કેસ જે રીતે વધુ આવી રહ્યા છે તે પણ સરકાર માટે ચિંતાનો વિષય બન્યો છે. આ તકે મહત્વનું એ છે કે સરકાર દેશની અર્થવ્યવસ્થા અને દેશના અર્થતંત્રને કઈ રીતે નિયંત્રણમાં રાખી શકે છે જેનાથી કોઈ પણ વિપરીત અસર દેશ ઉપર ન પડે અને દેશની અર્થવ્યવસ્થા સુચારુ રૂપથી જળવાઈ રહે. નવા નાણાકીય વર્ષમાં પણ સરકાર આ મુદ્દાને અવગણી શકશે નહીં અને આ બન્ને પાસાને ધ્યાને લઈ સરકારે આગામી રણનીતિ ઘડવી પડશે તો જ ફરી દેશની અર્થવ્યવસ્થા સ્થિર થઈ શકશે. આરબીઆઈના ગવર્નર દ્વારા સતત એ વાતની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કોરોના ના વધતા કેસને ધ્યાને લઈ અર્થતંત્ર ડામાડોળ થઈ શકે છે આ તકે જો લોકો સાવચેતી ભર્યું વાતાવરણ ઉભું કરે અને કોરોના કેસ માં ઘટાડો થાય તો તેનો સીધો જ ફાયદો માત્ર દેશના લોકોને નહીં પરંતુ દેશની અર્થવ્યવસ્થાને પહોંચે અને ફરી ફુગાવાનો દર નીચો આવી શકશે પરંતુ હાલની જે સ્થિતિ જોવા મળી રહી છે તેનાથી એ વાત સ્પષ્ટ થઈ રહી છે કે ભારત દેશ અને નાણા મંત્રાલય દ્વારા સતત એ વાત ઉપર જોર મૂકવામાં આવી રહ્યું છે કે આ બંને મુદ્દાને કેવી રીતે નિયંત્રણમાં લાવી શકાય.



દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ગુડબાય ૨૦૨૧

## : જાન્યુઆરી – ૨૦૨૧ :

૧૨/૧/૨૧– રાજ્યવ્યાપી હડતાલના પગલે દાહોદ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરી જતા કામગીરી ખોરવાઈ.

૧૬/૧/૨૧ – દાહોદ જીલ્લામા કોરોના સામેની રસીકરણ મુકવાનો પ્રારંભ.

૨૬/૧/૨૧ – દાહોદમા ૭૨મા પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી.

## : ફેબ્રુઆરી – ૨૦૨૧ :

૧૮/૨ – દાહોદ તાલુકાના કતવારા ગામે કરા પડ્યા.

૨૧/૨ – દાહોદ જીલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભાજપે ટીકીટ ન આપતા અન્ય પક્ષમાંથી કે અપક્ષ ઉમેદવારી કરેલા ૨૩ જેટલા સભ્યોને બરતરફ કર્યા.

૨૭/૨ – કોરોના કાળમાં ૧૧ માસથી બંધ પડેલી ગરીબ તેમજ મધ્યવર્ગની લાઈફલાઈન ગણાતી મેમુ ટ્રેઈન પુનઃ શરૂ થઈ.

૨૮/૨ – દાહોદ નગરપાલિકાની યોજાયેલી ચુંટણીમાં ૫૨.૦૩ ટકા મતદાન, દાહોદ જિ. પંચાયત અને તા.પંચાયતમાં ૬૨.૩૧ ટકા મતદાન.

## : માર્ચ – ૨૦૨૧ :

૨/૩ – દાહોદ નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ભાજપનો ૩૧ બેઠક ઉપર વિજય, કોંગ્રેસનો ૪ બેઠક ઉપર વિજય.

દાહોદ જિ.પંચાયતની ૫૦માંથી ૪૩ બેઠકો ઉપર વિજય કોંગ્રેસને ૬

દાહોદ જિ.ની નવ તાલુકા પંચાયતમા ભાજપે સત્તા મેળવી– કોંગ્રેસના સુપડા સાફ થતા ચુંટણી.

૧૭/૩ – દાહોદ નગરપાલિકાના પ્રમુખ તરીકે રીનાબેન પંચાલ તથા ન.પ્રમુખ અબ્દાભાઈ ચલ્લાવાલાની વરણી.

૧૮/૩ – દાહોદની ઝાયડસ હોસ્પીટલમા પાંચ ડાયાલીસીસ મશીનની સુવિધાનો પ્રારંભ થયા.

૧૯/૩ – દાહોદ જીલ્લામા કોરોનો પુનઃ વકર્યો એક જ દિવસમા ૧૯ કેસો આવ્યા.

૨૦/૩ – દાહોદ જિલ્લામાં કોરોના વકરતા હોળીના તમામ મેળા અને દાહોદમા રવિવારે વાણિજ્ય પ્રવૃતિ ઉપર ફરીથી પ્રતિબંધ.

૩૧/૩ – ઝાલોદ સબ જેલમાં કાચા કામના ૨૦ વર્ષીય યુવક કેદીએ આત્મહત્યા કરી.

## : એપ્રિલ – ૨૧ :

૭/૪ – બીજી લહેરમાં દાહોદમા કોરોનાનું સંક્રમણ વધતા રાત્રિના ૮ થી સવારના ૬ સુધી કરફ્યુ જાહેર થયા.

૯/૪ – કોરોના વધતા ઝાયડસમાં વધુ ૨૫૦ બેડની વ્યવસ્થા કરાઈ.

૯/૪ દાહોદમાં રાત્રિના આઠ વાગ્યા પછી પ્રવેશ કે બહાર જવા ઉપર પ્રતિબંધ.

દાહોદમાં વગર માસ્કે ફરતા નાગરિકોને રૂા.૮ લાખનો દંડ.

૧૦/૪ – દાહોદ જિલ્લામા બપોરના ૪ વાગ્યા પછી સ્વયંભુ કરફ્યુ.

૧૧/૪ – દાહોદ ઝાયડસ હોસ્પીટલમાંથી કોરોનાનો પોઝીટીવ આરોપી હાથકડી સાથે ફરાર.

૧૧/૪ – દાહોદ પાસે પાવડી એસઆરપી ગૃપમા સાગમટે ૪૭ જવાનો કોરોના પોઝીટીવ આવી જતા હાહાકાર મચ્યો.

૧૧/૪ – એક જ દિવસમાં કોરોનાથી ૧૬ દર્દીઓના મોત.

૧૫/૪ – દાહોદમાં એક જ દિવસમાં ૭૪ કોરોના દર્દી પોઝીટીવ આવતા ફફડાટ.

૧૬/૪ – દાહોદ તાલુકાના કતવારા ગામે ૧૦ દિવસ સ્વૈચ્છિક લોકડાઉન.

દાહોદમાં કોરોના વધતા ત્રણ દિવસ સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો.

દાહોદ જી.માં કોરોના ૧૧૫ કેસ એક જ દિવસમા આવતા હાહાકાર મચી ગયો.

૨૦/૪ – દાહોદ જિલ્લામાં કોરોના વધતા પરિસ્થિતિનો તાગ મેળવવા મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા ના.મુ.મંત્રી નિતિન પટેલ દાહોદમા આવ્યા.

૨૩/૪ – દાહોદમાં કોરોનાના દર્દીઓના વધુ મોત થતા અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈન.

૨૫/૪ – સમગ્ર દા.જિ.મા ત્રણ દિવસ સ્વૈચ્છિક લોકડાઉન.

## : મે – ૨૦૨૧ :

૧/૫ – સીંગવડ તાલુકાના છાપરવડ ગામે હડપ નદીમાં ડુબી જતા બે બાળકોના મોત.

૩/૫ – દાહોદમાં જાહેરનામાનો ભંગ કરતા ૮ દુકાનો સીલ કરી.

૬/૫ – દા.જિ.માં કોરોનાના ૧૩૫ કેસો એક સાથે આવતા જીલ્લામાં ફફડાટ.

૮/૫ – દાહોદ તાલુકાના જાલત ગામે પોલીસે તથા બે ટ્રક મળી કુલ રૂા. એક કરોડ નવ લાખ ચુમ્માળીસ હજારનો મુદ્દામાલ પકડી પાડ્યો.

૧૮/૫ – લીમખેડા તાલુકાના બાર ગામે મહિલાએ બે સંતાનો સાથે કુવામાં પડી આત્મહત્યા કરી.

૨૨/૫ – દા.જિ.ના આરોગ્ય વિભાગના એનએચએમ અંતર્ગત ફરજ બજાવતા ૪૨૩ કર્મચારીઓએ સામુહિક રાજીનામા આપ્યા.

૩૧/૫ – દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક નિવડી આશરે ૬૦૦ દર્દીઓના મૃત્યુ થયા.

## : જૂન –૨૧ :

૨૫/૬ – દાહોદ શહેરને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ.

## : જુલાઈ –૨૧ :

૩/૭ – દાહોદ જિલ્લો કોરોના મુક્ત થયો.

૧૧/૭ – દાહોદમાં બે કલાક ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા.

૧૩/૭ – ધાનપુર તાલુકાના ખજુરી ગામે ભાગી ગયેલા પ્રેમી અને પરણીતાને પકડી લાવી માર મારી નગ્ન કરી પ્રેમીને પરણીતાના ખભે બેસાડી વરઘોડો કાઢ્યો તેનો વિડીયો વાયરલ.

૨૮/૭ – દાહોદ નગરપાલિકાના વિવિધ ખાતાઓના ચેરમેનની વરણી કરવામાં આવી.

## : ઓગસ્ટ – ૨૧ :

૩/૮ – પેટ્રોલ – ડીઝલના ભાવ વધારાના વિરોધમાં દાહોદ જિલ્લા ટ્રક એસોસીએશન અચોક્કસ મુદ્દતથી હડતાલ ઉપર ઉતર્યા.

૧૦/૮ – દાહોદ ઝાયડસ હોસ્પીટલમા કોવિડ–૧૯ના નોડલ ઓફિસર ડાં. કમલેશ નિનામાનું ઉત્કૃષ્ટ સેવા બદલ મુખ્યમંત્રીએ સન્માન કર્યું.

૧૦/૮ – દાહોદ પોલીસની ઉમદા કામગીરી કરવા બદલ એલસીબી પીઆઈ ભાવેશ શાહ તથા એસઓજી પીઆઈ એચ પી કરનનુ ગૃહ રાજ્યમંત્રી હસ્તક સન્માન કરાયું.

૧૪/૮ – દેવગઢ બારીયા તાલુકાના ડાંગરીયા ગામે રોડની સાઈડમા ખુલ્લામાં ત્રણ યુવકોના મૃતદેહ મળી આવ્યા.

૨૮/૮ – અમદાવાદના બોપલ વિસ્તારમાં ગટરની સફાઈ કરવા ઉતરેલા ઝેરી ગેસથી ગુંગળાઈ જતા દાહોદ તાલુકાના વાંદરીયા ગામના ત્રણ મજુરોના મોત.

## : સપ્ટેમ્બર–૨૦૨૧ :

૧૪/૯ – દાહોદની બુરહાની સોસાયટીમાં નકલી રિવોલ્વર અને નકલી ઈન્સ્પેક્ટર બની આવેલ ચાર પૈકી બે લુટારૂઓ ઝડપાયા.

૧૭/૯ – લીમખેડા તા.ના ટીંબા ગામે દિપડાએ ૩ માસના બાળકને ફાડી ખાધો.

૨૦/૯ – દાહોદ જીલ્લામાં ડેન્ગ્યુ વકર્યો.

૨૫/૯ – પંજાબના ચંદીગઢમાં શહીદ થયેલા જવાનને દા.જિ.ના દેવગઢ બારીયાના ભુતપગલા ગામે અંતિમ ક્રિયા રાજકીય સન્માન સાથે કરવામાં આવી.

## : ઓક્ટો –૨૦૨૧ :

૦૩.૧૦. – દાહોદ જિ.માં સૌપ્રથમ પેટ્રોલના ભાવ રૂા.૧૦૦ને પાર.

૦૭.૧૦– દાહોદની રેલ્વે હોસ્પીટલમા વોક ઈન ઈન્ટરવ્યુ દરમ્યાન હોબાળો થવો, ઈન્ટરવ્યુ સ્થગિત.

૦૮.૧૦ – ગુજરાત– પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે દાહોદની સનરાઈઝ પબ્લીક સ્કુલન ઉદ્ઘાટન.

દેવગઢ બારીયા તાલુકાના પચેલા ગામે મકાનમાંથી ૩૧,૬૨૦૦૦ની સનસનાટી ભરી લુંટ.

૨૭.૧૦ – દા.જી.ના ૬૦૬ ગામોમા ૧૦૦ ટકા પ્રથમ ડોઝની(વેક્સીન) કામગીરી પુર્ણ કરી દેવામાં આવી.

૨૭.૧૦. – ભારતમાં ૧૦૦ કરોડ લોકોનું કોવિડ રસીકરણ થા દાહોદ ભાજપ દ્વારા ઠક્કરબાપા શાળામાં માનવ સાકળ કરવામાં આવી.

૨૯.૧૦ – લીમખેડા તા.કુણધા ગામેથી ખેતરમાં ઉગાડેલા રૂા. ૯,૪૦,૦૦૦ ની કિંમતના ગાંજા છોડ ઝડપાયા, સીંગવડ તાલુકાના હાંડી ગામે ત્રણ ખેતરમાંથી રૂા.૨,૭૪,૫૪૦૦૦ના ૨૩૧૮ ગાંજાના છોડ ઝડપાયા.

૩૦/૧૦ – ગરબાડા તા.ગાંગરડા ગામે રૂા.૭૦૦૦ની લાંચ લેતા જીઆરડી જવાન ઝડપાયો.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.110

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગુડબાય ૨૦૨૧


શહેરા તાલુકા વિકાસ અધિકારી કુમારી ઝરીના અન્સારી રૂ.૨ લાખની લાંચ લેતા ACB એ રંગે હાથ ઝડપાયા હતા.


હાલોલમાં મ્યુકોરમાઈકોસિસે એક ડોકટરનો લીધો ભોગ, શ્રીજી કિલનિકના ડોકટરનું મોત થયું હતું.


કાલોલના ઘુસર ગામે ગોમા નદીમાં રેતી ખનન કરતાં ભુમાફિયાઓને ખાણ-ખનિજ વિભાગ અને પોલીસે રેઈડ કરી ૧૭ ટ્રેકટર સહિત ૮૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો હતો.


થોડા સમય પહેલા અપક્ષોએ ગોધરા નગરપાલિકા માં મેળવી હતી સત્તા બાદમાં ગોધરા નગર પાલિકા પ્રમુખ સંજય સોની ભાજપમાં જોડાતા નગરપાલિકા ભાજપની થઇ હતી.


ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી સામે વિસ્થાપીતોના ગંભીર આક્ષેપ સાથે ધારાસભ્ય સી.કે.રાઉલજી તથા પુત્ર સહિત વગદારોએ વિસ્થાપીતોની જમીન પચાવી પાડવાનો થયો હતો આક્ષેપ.


ઘોઘંબા ખાતે બે કરોડના ખર્ચે બનાવાયેલ નવીન એસ.ટી. ડેપોનું ઉદ્દ્ઘાટન કાલોલના MLA હાથે કરવામાં આવ્યું હતું.



શિવરાજપુરના રિસોર્ટમાં પડી રેડ હતી જેમાં ભાજપના MLA સાથે ૧૫ લોકોની જુગાર રમતા ધરપકડ કરાઈ હતી.


કાલોલમાં ગટર માટે ખોદેલા ખાડામાં એક્ટિવા ચાલક ખાબક્યો હતો.


પંચમહાલના કાલોલમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ: ૨ જૂથ વચ્ચે અથડામણમાં PI-PSI થયા હતા ઘાયલ : પંચમહાલના કાલોલમાં બે જૂથો વચ્ચે અથડામણ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવી હતી તોડફોડ.



ગોધરાના ૩ માસના ધૈર્યરાજસિંહ માટે આખો દેશ આવ્યો હતો વ્હારે..


ઘોઘંબાના ગોયાસુંડલ ગામે દીપડાના આતંકમાં બાળક પર હુમલો થયો હતો.


શહેરા નગરપાલિકાના ૧૪ જેટલા રોજમદારોને ફરજ પરથી મુક્ત કરાયા હતાં.


હાલોલના તરખંડામાં બે મિત્રો દ્વારા મિત્રની કરાઈ હતી હત્યા.



પંચમહાલ જીલ્લામાં ઝોલાછાપ તબીબોનો જમાવડો : એક સાથે ૬ બોગસ તબીબોને પોલીસે ઝડપ્યા હતાં.


કાલોલમાં તાઉ-તે ચક્રવાતના પગલે ઘરના પતરા, વૃક્ષો અને વીજ થાંભલા જમીન સ્તર થયા હતા.


ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં મારામારીના હિંસક બનાવ વચ્ચે ૬૨.૯૮ ટકા મતદાન નોંધાયું હતું.


કોરોનાની મહામારી માં ગોધરા તાલુકાના નદીસર અને જુનીધરી ગામે લગ્ન પ્રસંગના વરઘોડામાં કોરોના ગાઈડ લાઈનના ધજાગરા.


ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર પશ્ચિમ એકસપ્રેસ ટ્રેન માંથી ૧.૧૨ કરોડ રૂપીયા ઉપરાંતની રકમ સાથે હરીયાણાના ઈસમને રેલ્વે પોલીસે ઝડપ્યો હતો.


ગોધરા શહેરમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે ૦૭/૦૪/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૧ સુધી દરરોજ રાત્રીના ૮ વાગ્યા થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુ અલમમાં મુકવામાં આવ્યું હતું.


કોરોનાની મહામારીમાં ગોધરાના મુસ્લિમ સેવાભાવી ફિરદૌસ કોઠી દ્વારા કરાઈ હતી જરૂરતમંદ લોકોને આર્થિક મદદ.



કોરોનાની મહામારી : ગોધરા સિવીલ હોસ્પિટલમાં બેડ ખાલી ન મળતા દર્દીઓને વેટિંગમાં રહેવું પડ્યું હતું.

## આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારનાં વરદહસ્તે મોરવા હડફ ખાતે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ



ગોધરા, આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ રાજયમંત્રી નિમિષાબેન સુથારનાં વરદ હસ્તે આજે સામુહિક આરોગ્ય કેન્દ્ર, મોરવા હડફ ખાતે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમજેએવાય- મા કાર્ડ, મેગા હેલ્થ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદેથી સંબોધન કરતા આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું હતુ કે, મોરવા હડફ ખાતે નવીન ડાયાલીસીસ સેન્ટરનું ઉદઘાટન રાજયના અંતરિયાળ વિસ્તારોમાં પણ શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ડાયાલિસીસ સેન્ટર શરૂ થતા મોરવા અને આજુબાજુનાં વિસ્તારના લોકોને ડાયાલિસીસ માટે હવે ગોધરા કે દૂરનાં સ્થળોએ જવાની જરૂર નહીં તેમજ ભવિષ્યમાં જરૂર પડ્યે હાલનાં ત્રણ બેડની ક્ષમતા વધારીને કુલ ૮ બેડની કરવામાં આવશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું. કિડની ફેલ્યોરના દર્દીએ અઠવાડિયામાં બે-ત્રણ વાર ડાયાલિસિસ કરાવવાની જરૂર પડતી હોવાથી દૂરનાં સ્થળોએ જવા માટે પડતી તકલીફને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કોઈપણ વિસ્તારના દર્દીએ ૨૫-૩૦ કિલોમીટરથી વધુ દૂર ના જવું પડે તે રીતે ડાયાલિસીસ સેન્ટરો શરૂ કરશે. આ સેન્ટર રાજ્યનું એકસઠમું અને આદિવાસી વિસ્તારોમાં નવમું ડાયાલિસીસ સેન્ટર છે તેમ જણાવતા રાજય મંત્રીએ ઉમેર્યું હતું કે દરેક આદિવાસી વિસ્તારમાં આ પ્રકારે ડાયાલિસિસ સુવિધા ઉભી કરવામાં આવશે. મોરા સામૂહિક કેન્દ્ર અને લુણાવાડા ખાતેની નવી હોસ્પિટલમાં પણ ટૂંક સમયમાં ડાયાલિસીસ સેન્ટરની શરૂઆત કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

જિલ્લામાં ૯૫% નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ગયો છે ત્યારે બાકી રહેલા લોકોને ઝડપથી વેક્સિનનો બીજો ડોઝ લેવા તેમજ આરોગ્ય વિભાગને વેક્સિનેશનની કામગીરીમાં સહયોગ આપવા તેમણે અનુરોધ કર્યો હતો. સ્ટ્રેસભર્યા જીવનનાં કારણે હાઈ બીપી, ડાયાબિટીસ સહિતનાં લાંબા ગાળે નુકસાનકારક નીવડતા બિનચેપી રોગોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે નિરામય અભિયાન અંતર્ગત આવા રોગોનાં સ્ક્રીનિંગ અને સારવારનો લાભ લેવા તેમણે અપીલ કરી હતી. આ ઉપરાંત, ગરીબ-જરૂરિયાતમંદ વર્ગને ૨૦૦૦થી વધુ પ્રકારની ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવાની સવલત ધરાવતી પીએમજેએવાય-મા કાર્ડ યોજનાનો વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે અને જરૂરતમંદોને લેવડાવે તેવો અનુરોધ મંત્રીએ કર્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે, સુશાસન સપ્તાહ દરમિયાન કરોડો રૂપિયાના લાભ લાભાર્થીઓને પહોંચતા કરીને સરકારે સ્વ. અટલજીને સાચી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

કિડની હોસ્પિટલનાં ડાયરેક્ટર ડો. વિનીત મિશ્રાએ જણાવ્યું હતું કે, આ સેન્ટર સ્ટેટ ઓફ આર્ટ ડાયાલિસીસ મશીનો ધરાવે છે. તેમણે કિડની ફેલ્યોર થવાના કારણો અને તેનાથી બચાવનાં ઉપાયો અંગે વિગતવાર માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી તેમજ પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે પ્રાસંગિક સંબોધન કર્યા હતા. કાર્યક્રમ અગાઉ આરોગ્ય રાજયમંત્રીએ ડાયાલીસીસ સેન્ટરની મુલાકાત લઈને ડાયાલિસિસનો લાભ લઈ રહેલા દર્દીઓ સાથે સંવાદ કર્યો હતો. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત સીડીએચઓ ડો. મિનાક્ષીબેન ચૌહાણે તેમજ આભાર વિધી આરસીએચઓ ડો. પી.કે.વાસ્તવે કરી હતી.

કાર્યક્રમમાં મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને હેલ્થ આઈડી કાર્ડ, પીએમજેએવાય મા કાર્ડ, વ્હીલચેર, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, નિરામય હેલ્થ આઈડી કાર્ડ, તેમજ પોષણ સહાય કીટોનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, પ્રાંત અધિકારી જયકુમાર બારોટ, તેમજ આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.